**દાખલ તારીખઃ– ૦૩/૦૩/૨૦૨૬.**
**રજી.તારીખઃ– ૦૩/૦૩/૨૦૨૬.**
**ફેસલ તારીખઃ– ૧૧/૦૩/૨૦૨૬.**
**સમય ગાળોઃ– વર્ષ માસ દિવસ**

**રાજકોટ જિલ્લાનાં મહે. ૭ માં એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામઃ જેતપુર.**

**ફોજ. પર. અરજી નં. ૮૭/૨૦૨૬.**
**આંકઃ–**

**(૧) નૌશાદ સ./ઓ. ઈશાક ખાન**
**ઉ.આ.વ. ૨૩, ધંધોઃ ડ્રાઈવીંગ,**
**રહે. ગામ કુલતાજપુર, તહેસીલ તીજારા**
**જી. ખેરતલ (રાજસ્થાન)**

**(૨) ખલીન સ./ઓ. ખુરશીદ ખાન**
**ઉ.આ.વ. ૩૫, ધંધોઃ ડ્રાઈવીંગ,**
**રહે. ગામ સોડાકા, તહેસીલ નુહ,**
**જી. નુહ (હરિયાણા)..................................અરજદારો.**
**(હાલ બંને સબજેલઃ જેતપુર)**

**વિરૂદ્ધ**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત**
**થૃ એ.જી.પી.શ્રી, જેતપુર.............................સામાવાળા.**

**બાબતઃ–બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

**અરજદારો તરફે વિ. વ. શ્રી ડી. એમ. વાઘેલા.**
**સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા.**

**ઠ રા વ**

(૧) અરજદારોએ હાલની અરજી બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ મુજબ રજૂ કરી વિરપુર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૦૧૨૬૦૦૫૫/૨૦૨૬ થી પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧, ૮૩ તથા બી.એન.એસ. કલમ–૧૧૧(૨)(બી), ૧૧૧(૩), ૧૧૧(૪) મુજબનાં ગુનાના કામે અરજીમાં જણાવેલ જુદા જુદા કારણોને લક્ષમાં રાખી રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા વિનંતી કરેલ છે.

(૨) અરજદારોની અરજી તેમજ બંને પક્ષકારોનાં વિ. વ. શ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવી. તપાસ કરનાર અમલદારશ્રીએ રજૂ રાખેલ સોગંદનામું વંચાણે લીધું.

(૩) અરજદારોનાં વિ. વ. શ્રીએ રજૂઆત કરેલ છે કે, અરજદાર નિર્દોષ છે, અરજદારોને આ ગુનાના કામે તા. ૨૬/૦૨/૨૦૨૬ નાં રોજ અટક કરવામાં આવેલ ત્યારથી તેઓ જયુડીશિયલ કસ્ટડીમાં છે. અરજદારોએ ચાર્જ અન્વયેનો કોઈ ગુનો કરેલ નથી. અરજદારોને ગુનામાં સીધી કે આડકતરી રીતે સાંકળી શકાય તેવો કોઇ પ્રથમદર્શનિય કેસ નથી. અરજદારો મુદામાલ સબંધી કાંઇ જાણતા નથી. વધુમાં તેઓએ એવી રજૂઆત કરેલ છે કે, અરજદારો કુટુંબમાં એક માત્ર કમાનાર વ્યકિત છે, અરજદારો પર પોતાનાં પરિવારના સભ્યોના ભરણપોષણની જવાબદારી છે. અરજદારો ટ્રાયલ દરમિયાન નિયમીત હાજર રહેશે. નામદાર અદાલત ફરમાવે તેવી શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે વિગેરે હકીકતો જણાવી અરજદારોને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) આ અદાલત દ્ધારાં સામાવાળાને નોટીસ કાઢવામાં આવતાં શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા હાજર થયેલ છે તેઓએ જણાવેલ છે કે, હાલમાં ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં આવા પ્રકારનાં આરોપીઓનાં કારણે રાજ્યનું યુવાધન નશાની લતે ચડી જાય છે અને જો આવા પ્રકારનાં આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ફરીથી આવા પ્રકારનાં ગુના આચરશે અને કેસ ચાલતા ભવિષ્યમાં હાજર રહેશે નહીં જેથી ટ્રાયલ પણ લંબાવાની શક્યતાઓ હોઈ તેમજ ઘણી જ મોટી રકમનો મુદ્દામાલ છે તેમજ આરોપીઓ સામે બી.એન.એસ. કલમ-૧૧૧ મુજબનાં ગુનાનાં પણ આક્ષેપો છે જેમાં આજીવન કેદની સજાની જોગવાઈ છે તે તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીઓને જામીન ઉપર મુકત ન કરવા રજૂઆત કરેલ છે. વધુમાં તપાસ કરનાર અધિકારીએ રજૂ રાખેલ સોગંદનામુ વંચાણે લીધેલ છે.

(૫) હાલનાં અરજદારો સામે આક્ષેપાયેલ ગુનાની ગંભીરતા, ગુનાની સજાની જોગવાઈ, બંને પક્ષોનાં વિ. વ. શ્રીઓની રજૂઆતો, રજૂ થયે કેસ પેપર્સ તેમજ તપાસ કરનાર અમલદારશ્રી તરફે રજૂ થયેલ સોગંદનામું ધ્યાને

લીધું.

વધુમાં હાલનાં કામે રજૂ થયેલ પેપર્સ ધ્યાને લેવામાં આવે તો જો કે હાલનાં આરોપીઓ વિરૂદ્ધ અગાઉ ક્યારે કોઈ ગુના નોંધાયેલ નથી, પરંતુ હાલનાં કામે જે મુદ્દામાલ ટ્રક પકડાયેલ છે તેમાંથી રૂા. ૫૧,૯૦,૨૪૦/- જેટલી મોટી રકમનો મુદ્દામાલ દારૂનો જથ્થો મળી આવેલ છે અને રજૂ થયેલ પોલીસ પેપર્સ તેમજ નિવેદનો વંચાણે લેતાં હાલનાં અરજદાર/આરોપી સદરહુ ટ્રકનાં ડ્રાઈવર તથા કલીનર તરીકે હતાં અને તેઓનાં કબજામાંથી સદરહુ ટ્રક મુદ્દામાલ સાથે મળી આવેલ છે તે હકીકત ધ્યાને લેતાં અને હાલનાં સમયમાં આવા દારૂના મોટા જથ્થામાં મુદ્દામાલ પકડાવાનાં ગુનાઓ વધી રહેલ છે તે હકીકત ધ્યાને લેતાં તેમજ હાલનાં આરોપીઓનાં કબજા ભોગવટામાંથી જ સદરહુ તમામ મુદ્દામાલ મળી આવેલ હોવાનું રેકર્ડ ઉપર જણાઈ આવે છે તે તમામ સંજોગોમાં આરોપીઓની વર્તણૂંક તેમજ વારંવાર આવા પ્રકારનાં ગુના કરવાની ટેવવાળા હોઈ તેમજ આરોપીઓનો ગુનાના કામે રોલ ધ્યાને લેતાં તેમજ પકડાયેલ મુદ્દામાલ ખૂબ જ મોટી રકમનો હોઈ તે તમામ સંજોગોમાં હાલનાં તબક્કે અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુક્ત કરવાનું ન્યાયોચિત જણાતું ન હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

**(૧)** આ કામનાં અરજદાર/આરોપીઓની બી.એન.એસ.એસ. કલમ-૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન અરજી આથી **ના-મંજૂર** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા. ૧૧, માહે-માર્ચ, સને-૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬**
**મુકામઃ જેતપુર.**

**( રાજેશ સુરેશચંદ્ર પુરાણી )**
**૭ માં એડિશ્નલ સેશન્સ જજ,**
**જેતપુર, જિ. રાજકોટ**
(**Code No.GJ**00727)